# યુગદ્રષ્ટા પં. શ્રીરામ શર્મા આચાર્યનું જીવન દર્શન



ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

http://rushichintan.com

# વિરાટ ગાયત્રી પરિવાર અને તેના સંસ્થાપક સંરક્ષક પં. શ્રીરામ શર્મા આચાર્યનું એક સંક્ષિપ્ત પરિચય

ઇતિહાસમાં ક્યારેક ક્યારેક એવું બને છે કે અવતારી સત્તા એકી સાથે બહુઆયામી રૂપોમાં પ્રગટે છે અને કરોડો જ નહિ, પણ સમસ્ત પૃથ્વીના ઉદ્ધાર અને ચેતનાત્મક ધરાતળ ઉપર બધાના મનોનું નવેસરથી નિર્માણ કરવા આવે છે. પરમપૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યને એક એવા જ સત્તાના રૂપમાં જોઇ શકાય છે, જે યુગો યુગોમાં ગુરુ અને અવતારી સત્તા, બન્નેય રૂપોમાં આપણા બધાંની વચ્ચે પ્રગટ થઈ, એંસી વરસનું જીવન જીવીને એક વિરાટ જ્યોતિ પ્રજ્વલિત કરી તે સૂક્ષ્મ ઋષિ ચેતનાની સાથે એકાકાર થઈ ગઈ, જે આજે યુગ પરિવર્તનને સંનિકટ (નજીક) લાવવાને પ્રતિબદ્ધ છે. પરમવંદનીયા માતાજી શકિતનું તે રૂપવા જ સત્તાના રૂપમાં જોઈ શકાય છે, જે યુગો યુગોમાં ગુરુ અને અવતારી સત્તા, બન્નેય રૂપોમાં આપણા બધાંની વચ્ચે પ્રગટ થઈ, એંસી વરસનું જીવન જીવને એક વિરાટ જ્યોતિ પ્રજવલિત કરી તે સૂક્ષ્મ ઋષિ ચેતનાની સાથે એકાકાર થઈ ગઈ, જે આજે યુગ પરિવર્તનને સંનિકટ (નજીક) લાવવાને પ્રતિબદ્ધ છે.

પરમવંદનીયા માતાજી શકિતનું તે રૂપ હતી જે ક્યારેક મહાકાળી, ક્યારેક મા જાનકી, ક્યારેક મા શારદા અને ક્યારેક મા ભગવતીના રૂપમાં શિવની કલ્યાણકારી સત્તાનું સાથ આપવા આવતી રહી છે. તેઓએ પણ સૂક્ષ્મમાં વિલીન થઈને પોતાના આરાધ્યની સાથે એકાકાર કરી સ્વયંને જ્યોતિપુરુષનું એક અંગ બનાવી લીધું. આજે બન્નેય સશરીર આપણી વચ્ચે નથી, પરંતુ નવી સૃષ્ટિ કેવી રીતે ઘડી શકાઈ, કેવી રીતે માનવ ઘડવાનું માળખું રચી શકાયું, એને શાંતિકુંજ બ્રહ્મવર્ચસ, ગાયત્રી તપોભૂમિ, અખંડ જ્યોતિ સંસ્થાન અને યુગતીર્થ આંવલખેડા જેવી સ્થાપનાઓ તથા સંકલ્પિત સર્જનસેનાની ગણોના, વીરભદ્રોની કરોડોથીય વધારે સંખ્યાના રૂપે જોઈ શકાય છે.

પરમપૂજ્ય ગુરુદેવનું વાસ્તવિક મૂલ્યાંકન તો કેટલાક વરસ વીત્યે ઈતિહાસવિદ્ કરશે, પરંતુ જો તેઓનો આજેય કોઈ સાક્ષાત્ જોવા કે તેઓનો સાક્ષાત્કાર કરવા ઈચ્છતા હોય તો તેઓને તેમના દ્વારા પોતાના હાથે લખેલ તે વિરાટ પરિણામમાં યુગસંજીવની-સાહિત્યના રૂપમાં જોઈ શકે છે, જે તે તેમના પોતાના ભારથી પણ વધારે ભારના બરાબર લખી ગયા. આ સાહિત્યમાં સંવેદનાનો સ્પર્શ એટલી ઝીણવટથી થયો છે કે એવું લાગે છે કલમને તે જ શાહીમાં ડુબાડીને જ લખાયું હોય. દરેક શબ્દ એવો, જે હૃદયને સ્પર્શનિ, મનને, વિચારોને બદલીને ચાલતો જાય છે. લાખો કરોડોના મનના અંતઃકરણને સ્પર્શીને તેઓનો કાયાકલ્પ કરી નાખ્યો.

રશિયાના પ્રજાતંત્રની, કાર્લ માર્કર્સની સામ્યવાદની ક્રાંતિ પણ આની સામે નાની પડી જાય છે. તેઓના માત્ર આ યુગવાળા સ્વરૂપનું લેખન કરવામાં લાગે છે કે એક વિશ્વકોશ તૈયાર થઈ શકે છે, પછી તે બહુઆયામી રૂપને, જેમાં તે સંગઠનકર્તા, સાધક, કરોડોના અભિભાવક, ગાયત્રી મહાવિદ્યાના ઉદ્ધારક, સંસ્કાર પરંપરાના પુનર્જીવન કરવાવાળા, મમત્વ લૂંટાવવાવાળા એક પિતા, નારી જાતિ પ્રત્યે અનન્ય કરુણા વરસાવનાર તેઓના ઉધ્ધાર માટે ધરાતળ પર ચાલનાર નારી જાગરણ અભિયાન ચલાવનાર તરીકે દેખાય છે. પોતાની વાણીના ઉદબોધનથી એક વિરાટ ગાયત્રી પરિવાર એકાકી પોતાના જ સહારે ઊભું કરતા જોવા મળે છે તો સમજમાં નથી આવતું કે એમના વિશે શું શું લખવામાં આવે અને કેવી રીતે છંદોબદ્ધ લિપિબદ્ધ કરી શકાય એ મહાપુરુષના જીવનચરિત્રને.

વિક્રમ સવંત ૧૯૬૮ (૨૦ સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૧૧) ના રોજ આસો વદ તેરશના દિવસે આંવલખેડા ગ્રામ, જનપદ આગ્રા, જે જલેસર માર્ગ પર આગ્રાથી પંદર માઈલ દૂર છે, ત્યાં તેઓ સ્થૂળ શરીર રૂપે જન્મ્યાં. શ્રીરામ શર્માજીનો બાલ્યકાળ કિશોરવય, ગ્રામીણ પરિસરમાં જ વીત્યો. તે જન્મ્યા હતા એક જમીનદારના ઘરે, જયાં તેઓના પિતાશ્રી પં. રૂપકિશોરજી શર્મા આજુબાજુના, દૂર દૂરના રાજઘરાનાઓના રાજપુરોહિત, શ્રેષ્ઠ વિદ્વાન, ભાગવત કથાકાર હતા, પરંતુ તેઓનું અંતઃકરણ માનવમાત્રની પીડાથી સતત વિચલિત રહેતું હતું.

સાધના પ્રત્યે તેઓનું વલણ બાળપણથી જ જોવા મળયું, જયારે તે પોતાના સહાધ્યાયીઓને, નાના બાળકોને આંબાવાડિયામાં બેસાડી સ્ફૂલી શિક્ષણની સાથે સાથે સુસંસ્કારિતા અપનાવનાર આત્મવિદ્યાનુ શિક્ષણ પણ આપતા હતાં. આંતરિક વ્યાકુળતાને કારણે હિમાલય તરફ ભાગી નીકળ્યાં પણ પકડાઈ જતાં તેઓએ સંબંધિયોને સ્પષ્ટ જણાવ્યું કે હિમાલય જ એમનું ઘર છે અને ત્યાં જ તેઓ જઈ રહ્યા હતા. ત્યારે કોને ખબર હતી કે હિમાલયની ઋષિ ચેતનાઓનો સમૂહ બનીને આવેલ આ મહાન સત્તા ખરેખર ભવિષ્યમાં હિમાલયને જ પોતાનું ઘર બનાવશે. તેમને નાત જાતનો કોઈ ભેદ હતો નહીં. જાતિવાદની મૂર્ખતા ભરી માન્યતાથી ગ્રસ્ત ત્યારના ભારતના ગ્રામીણ પરિસરમાં એક અછૂત વૃદ્ધ મહિલાની જેને કુષ્ઠરોગ થયો હતો, તેની તેના મહોલ્લામાં જઈ સેવા કરી, તેઓએ પોતાના ઘરવાળાઓનો વિરોધ તો વહોરી લીધો, પણ પોતાનું વ્રત ન છોડયું. તે મહિલાએ સ્વસ્થ થયા પછી તેમને ખૂબ આશીર્વાદ આપ્યાં.

એક અછૂટત કહેવાતી જાતિનો માણસ, જે તેઓના આલીશાન મકાનમાં ઘોડાઓની માલિશ કરવા આવતો હતો, તે એકવાર બોલી બેઠો કે મારે ઘરે કથા કરાવવા કોણ આવશે, મારૂં એવું સૌભાગ્ય કયાં ! ત્યારે નવનીત જેવા હૃદયવાળા પૂજ્યવર તેના ઘરે જઈ પહોંચ્યા અને પૂરી વિધિથી કથા કરી પૂજા કરી, તેને સ્વચ્છતાના પાઠ શિખવાડયા, જ્યારે આખું ગામ તેમના વિરોધમાં બોલી રહ્યું હતું.

કિશોરાવસ્થામાં જ સમાજ સુધારની રચનાત્મક પ્રવૃત્તિઓનો એમણે આરંભ કરી દીધો હતો. ઔપચારિક શિક્ષણ સ્વલ્પ માત્ર હતું, પણ તેઓને તે પછી જરૂરિયાત પણ ન હતી, કેમ કે જે જન્મજાત પ્રતિભા સંપન્ન હોય, તે ઔપચારિક અભ્યાસક્રમ સુધી સીમિત કેવી રીતે રહી શકે છે ! દુકાનોમાં બજારોમાં જઈને આરોગ્ય શિક્ષણને લગતા પરિપત્ર વહેંચવાં, પશુધનને કેવી રીતે સુરક્ષિત રાખવું તથા સ્વાવલંબી કેવી રીતે બની શકાય, તેને માટે નાના નાના પેમ્ફલેટ્સ લખવા, હાથ પ્રેસમાં છપાવવા માટે તેમને કોઈ પણ પ્રકારની શિક્ષણની જરૂર ન હતી. તે ઈચ્છતા હતા-જનમાનસ આત્માવલંબી બનીજાય, રાષ્ટ્ર માટે તેનું સ્વાભિમાન જાગે, એટલે જ ગામમાં જન્મેલા આ દીકરાએ નારીશકિત તથા બેકામગાર યુવાનો માટે ગામમા જ એક વણાટશાળા સ્થાપિત કરી અને તેનાથી હાથથી કેવી રીતે કપડા વણી શકાય, પોતાના પગભર કેવી રીત થઈ શકાય, તે શિખવાડયું.

પંદર વરસની ઉંમરે વસંત પંચમીની પ્રાતઃવેળામાં ઈ.સ. ૧૯૨૬ માં તેઓના મકાના પૂજા સ્થળમાં, જયાં તેઓ નિયમિત ઉપાસના ત્યારથી કરતા હતા, જયારથી મહામના પં.મદનમોહન માલવીયજીએ તેમને કાશીમાં ગાયત્રી મંત્રની દીક્ષા આપી હતી, તેમની ગુરુસત્તાનું આગમન થયું અદૃશ્ય છાયાધારી સૂક્ષ્મ રૂપમાં, તેઓએ પ્રજવલિત દીપકની જ્યોતિમાંથી સ્વયંને પ્રગટ કરી તેમને તેમના દ્વારા કેટલાંય ગત જન્મોમાં સંપન્ન ક્રિયાકલાપોનું દિગ્દર્શન કરાવ્યું તથા તેમને બતાવ્યું કે તે દુર્ગમ હિમાલયથી

આવ્યા છે અને તેમનાથી અનેકાનેક એવા ક્રિયાકલાપ કરાવવા માગે છે, જે અવતારી સ્તરની ઋષિ સત્તાઓ તેમની પાસે અપેક્ષા  રાખે છે. તેમણે ચાર વખત થોડાક દિવસથી લઈને એક વરસની અવધિ સુધી હિમાલય આવીને રહેવાનો, કઠોર તપ કરવાનો પણ તેઓએ સંદેશ આપ્યો અને તેમને ત્રણ સંદેશ આપ્યા.

(૧). ગાયત્રી મહાશકિતના ચોવીસ ચોવીસ લાખના ચોવીસ મહાપુરુશ્ચરણ, જેને આહારના કઠોર તપની સાથે પૂરા કરવાના હતા.

(૨). અખંડ ઘીના દીવાની સ્થાપના અને જન જન સુધી તેના પ્રકાશને ફેલાવવા માટે સમય આવ્યે જ્ઞાનયજ્ઞ અભિયાન ચલાવવું, જે પછીથી 'અખંડ જ્યોતિ' પત્રિકા રૂપે ઈ.સ. ૧૯૩૭ માં પ્રથમ પ્રકાશનથી આરંભાઈને વિચાર ક્રાંતિ અભિયાનના વિશ્વવ્યાપી રૂપમાં પ્રગટ થયું તથા

(૩) ચોવીસ મહાપુરશ્ચરણોની દરમ્યાન યુગધર્મનો નિભાવ કરતાં કરતા રાષ્ટ્ર માટે પણ સ્વયંને સમર્પી દેવું,  હિમાલય યાત્રા પણ કરવી તથા તેઓના સંપર્કમાં રહીને ભવિષ્યનું માર્ગદર્શન મેળવવું. એમ કહી શકાય છે કે યુગ નિર્માણ મિશન, ગાયત્રી પરિવાર, પ્રજ્ઞા અભિયાન, પૂજ્ય ગુરુદેવ, જે બધા એકબીજાના પર્યાય છે,

તે પૂજ્ય ગુરુદેવની જીવનયાત્રાનો એક મહત્વપૂર્ણ વળાંક હતો, જેણે ભાવી રીતિ નીતિનું નિર્ધારણ કરી દીધું. પૂજ્યગુરુદેવ પોતાના પુસ્તક 'વીલ અને વારસો' માં લખે છે, "પ્રથમ મિલનના દિવસે જ સમર્પણ સંપન્ન થયું. બે વાતો ગુરુસત્તા દ્વારા વિશેષ રૂપ કહેવાઈ, સંસારી લોકો શું કરે છે અને શું કહે છે, તેની તરફ જોયા વગર નિર્ધારિત લક્ષ્યની દિશામાં એકલપણે સાહસના આધારે ચાલતા રહેવું અને બીજું એ કે પોતાને વધારે પવિત્ર અને પ્રખર બનાવે તેવી તપશ્ચર્યામાં સંલગ્ન થવું, જવની રોટલી અને છાશ પર નિર્વાહ કરીને આત્માનુશાસન કેળવવું. તેનાથી તે સામર્થ્ય વિકસિત થશે, જે વિશુદ્ધતઃ પરમાર્થ પ્રયોજનોમાં નિયોજિત હશે. વસંત પર્વનો આ દિવસ ગુરુ અનુશાસનનું પાલન જ અમારા માટે નવો જન્મ બની ગયું. સદગુરુની પ્રાપ્તિ અમારા જીવનનું અનન્ય અને પરમ સૌભાગ્ય રહ્યું.“ રાષ્ટ્રના પરાવલંબી હોવાની પીડા પણ તેમને એટલી જ સતાવતી હતી, જેટલી કે ગુરુશકિતના આદેશાનુસાર તપીને સિદ્ધિઓની પ્રાપ્તિની બળવંત ઈચ્છા તેઓના મનમાં ઉઠતી હતી. તેઓના મનની દુવિધા ગુરુસત્તાને દૂર કરી પરાવાણીથી તેમનું માર્ગદર્શન કર્યુ કે યુગધર્મની મહત્તા અને સમયની પોકાર જોઈ સાંભળી તમારે અન્ય આવશ્યક કાર્યોને ત્યજી દઈને આગ લાગે ત્યારે પાણી લઈને દોડવું પડે તેવા બહુ આવશ્યક કાર્ય પહેલા કરવા પડી શકે છે. તેમાં સ્વતંત્રતા સંગ્રામના સેનાનીના નાતે સંઘર્ષ કરવાનો પણ સંકેત હતો. ઈ.સ. ૧૯૨૭ થી ૧૯૩૩ સુધીનો સમય

તેઓનો એક સક્રિય સ્વયંસેવક અને સ્વતંત્રતા સેનાનીના રૂપમાં વીત્યો, જેમાં કુટુંબનો વિરોધ હોવા છતાં પગપાળા ચાલતા ચાલતાં લાંબો પથ (રસ્તો) કાપીને તેઓ આગ્રાના શિબિરમાં પહોંચ્યા, જયાં પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. ત્યાં ઘણા બધા મિત્રો-સખાઓ-માર્ગદર્શકોનો સાથે તે છુપાઈને કાર્ય કરતા રહયા તથા સમય આવ્યે જલમાં પણ ગયા. છ છ મહિનાની તેઓને કેટલી વાર જેલ થઈ જેલમાં પણ તે જેલના નિરક્ષર સાથીઓને શિક્ષણ આપીને અને સ્વયં અંગ્રેજી શીખજીને પાછા ફર્યા. આસનસોલ જેલમાં તે પં. જવાહરલાલ નહેરુની માતા શ્રીમતી સ્વરૂપરાનીનહેરુ, શ્રી રફી અહમદ કિંદવઈ, મહામના માલવીયજી, દેવદાસ ગાંધી જેવી મહાન વ્યકિતઓના સાથે રહયાં.

સ્વતંત્રતાની લડાઈ દરમ્યાન કેટલોક ઉગ્ર સમય પણ આવ્યો, જેમાં શહીદ ભગતસિંહને ફાંસી આપવાને કારણે ફેલાયેલ લોક આક્રોશના સમયે શ્રી અરવિંદના કિશોરકાળની ક્રાંતિકારી સ્થિતિની જેમ તેઓએ એવા કાર્ય પણ કર્યા, જેનાથી આક્રમણકારી શાસકોની સાથે અસહકાર જાહરે થતો હતો. મીઠાના સત્યાગ્રહ દરમ્યાન તેઓ જુલ્મી શાસકો સમક્ષ ઝુકયા નહીં, તે મારતા રહયા, પણ સમાધિ-સ્થિતિને પ્રાપ્ત રાષ્ટ્ર દેવતાના પૂજારીને બેભાન થવાનું સ્વીકૃત હતું, પણ આંદોલનથી પીઠ ફેરવીને ભાગવાનું નહીં. ફિરંગી સિપાઈઓના ચાલયા ગયા પછી લોકો તેમને ઉઠાવીને તેમના ઘરે લઈ આવ્યા.

જરાર આંદોલનના સમયે તેઓએ ઝંડો છોડયો નહીં, જયારે ફિરંગી તેઓને મારતા રહયા, ઝંડો ઝૂંટવવાનો પ્રયત્ન કરતા રહયાં તેઓએ મોંથી ઝંડો પકડી રાખ્યો, પડી ગયા, બેભાન થઈ ગયા, પણ ઝંડો ન છોડયો, ઝંડાનો એક ટુકડો ડોકટરોએ દાતોમાં જકડાયેલા ટુકડાના રૂપમાં જયારે બહાર કાઢયો, ત્યારે બધા જ તેઓની સહનશકિત જોઈને નવાઈ પામી ગયાં,. તેઓને ત્યાથી જ આઝાદીના મતવાલા ઉન્મત શ્રીરામ -મત્ત- ઉપનામ પ્રાપ્ત થયું. આગ્રામાં તેઓની સાથે રહેલા કે તેઓથી કશુક શીખેલ અગણિત વ્યકિત તેઓને 'મત્તજી' નામે ઓળખે છે. કરવસૂલીના આંકડા એકઠા કરવા માટે તેઓએ આખા આગ્રા જિલ્લાનું પ્રવાસ કર્યુ. તેઓએ પ્રસ્તૃત કરેલ આંકડા તત્કાલીન સંયુકત પ્રાંતના મુખ્યમંત્રી શ્રી ગોવિંદ વલ્લભ પંત દ્વારા ગાંધીજી સમક્ષ રજૂ કરાયા. બાપૂએ પોતાની પ્રશસ્તિના સાથે એ પ્રામાણિક આંકડા બ્રિટિશ પાર્લામેન્ટને મોકલ્યા, આને આધારે જ સંર્પૂણ સંયુકત પ્રાંતમાં કરમુક્તિનો હુકમ જાહેર થયો. ક્યારેક જેમણે પોતાની આ લડાઈના બદલવામાં કશું ન ઈચ્છયું, તેમને સરકારે પોતાના પ્રતિનિધિ મોકલી પચાસ વરસ પછી તામ્રપત્ર આપી શાંતિકુંજમાં સન્માનિત કર્યા, એ સન્માનને ગૌરવ સાથે મળતી બધી સુવિધાઓ તથા પેંશનને તેઓએ પ્રધાનમંત્રી રાહત ફંડ, હરિજન ફંડના નામે સમર્પિત કરી દીધી. વૈરાગી જીવનનું, સાચા રાષ્ટ્ર સંત હોવાનું આનાથી મોટું કયું પ્રમાણ હોઈ શકે છે !

ઈ.સ.૧૯૩૫ પછી તેઓના જીવનનો નવો દોર શરૂ થયો, જયારે ગુરુસત્તાની પ્રેરણાથી તેઓ શ્રી અરવિંદને મળવા પોન્ડિચેરી, ગુરુદેવ વિશ્વકવિ રવિન્દ્રનાથ ટાગોરને મળવા શાંતિ નિકેતન તથા બાપૂને મળવા સાબરમતી આશ્રમ, અમદાવાદ ગયા. સાંસ્કૃતિક-આધ્યાત્મિક મોર્ચા ઉપર રાષ્ટ્રને કેવી રીતે પરતંત્રતાની બેડીઓથી મુકત કરી શકાય, એ અંગે નિર્દેશ પામી પોતાનું અનુષ્ઠાન યથાવત્ ચલાવવાની સાથે તેઓએ પત્રકારિતાના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. આગ્રામાં 'સૈનિક' સમાચારપત્રના કાર્યવાહક સંપાદકના રૂપમાં શ્રીકૃષ્ણદત્ત પાણીવાલજીએ તેમને પોતાના સહાયક બનાવ્યા. બાબુ ગુલાબરાય અને પાલીવાલજીથી માર્ગદર્શક મેળવી સતત સ્વાધ્યાયરત રહીને તેઓએ 'અખંડ જ્યોતિ' નામની પત્રિકાનો પ્રથમ અંક ઈ.સ. ૧૯૩૭ ની વસંત પંચમીએ પ્રકાશિત કર્યો. પ્રયત્ન પહેલો હતો. માહિતીઓ, અનુભવ ઓછા હતાં, આથી પુનઃ સંપૂર્ણ તૈયારીની સાથે વિધિવત ઈ.સ. ૧૯૪૦ ના જાન્યુઆરીથી તેઓએ પરિવારના સ્વજનોના નામ સરનામું સાથે હાથથી બનેલ કાગળ પર પગથી ચાલવાવાળા મશીનથી છાપીને 'અખંડ જ્યોતિ' પત્રિકાનો શુભારંભ કર્યો, જે આરંભમાં તો બસો પચાસની સંખ્યામાં બહાર પડી, પરંતુ ક્રમશઃ તેઓના સતત પરિશ્રમથી ઘેર ઘેર પહોંચાડવાને કારણે, મિત્રો સુધી પહોંચાડનારા તેઓના હૃદયસ્પર્શી પત્રો દ્વારા તે સંખ્યા નવયુગના મત્સ્યાવતારની જેમ વધતી વધતી આજે દસ લાખથીય વધારે સંખ્યામાં વિભિન્ન ભાષાઓમાં છપાઈ રહી છે અને એક કરોડથી પણ અધિક વ્યકિતઓ દ્વારા વંચાય છે.

પત્રિકાની સાથે સાથે 'હું શું છું' જેવી પુસ્તકોના લેખનનો આરંભ થયો. સ્થાન બદલાયું, આગ્રાથી મથુરા આવી ગયા, બે ત્રણ ઘર બદલીને ધીયામંડીમાં, જયાં આજે અખંડ જ્યોતિ સંસ્થાન છે, ત્યાં આવી વસ્યા. પુસ્તકોનું પ્રકાશન અને કઠોર તપશ્ચર્યા, મમત્વ વિસ્તાર તથા પત્રો દ્વારા જન જનના અંતઃકરણને અડકવાની પ્રક્રિયા ચાલુ રહી. સાથ આપવા આવી ગયા પરમવંદનીય માતાજી ભગવતી દેવી શર્મા, જેમણે ભવિષ્યમાં અત્યંધિક મહત્વપૂર્ણ ભૂમિકા પોતાના આરાધ્ય, ઈષ્ટ ગુરુ માટે ભજવણી હતી. તેઓના ભાવભર્યા મર્મસ્પર્શી પત્રોએ દરેક  કોઈને, જે દુખી હતા, પીડિત હતા, તેઓને આપેલ મમત્વ ભર્યા પરામર્શ ગાયત્રી પરિવારનો આધાર ઊભો કર્યો, એમાં કોદઈ સંદેહ નથી. જો વિચાર ક્રાંતિ માટે સાહિત્યે મનોભૂમિ રચી તો ભાવત્મક ક્રાંતિ માટે ઋષિયુગલના અસીમ સ્નેહ અને બ્રાહ્મણત્વ ભર્યા જીવને શેષ ભૂમિકા સર્જી.

'અખંડ જ્યોતિ' પ્રત્રિકા લોકોના મનને પ્રભાવિત કરતી રહી, એમાં પ્રકાશિત 'ગાયત્રી ચર્ચા' સ્તંભથી લોકોને ગાયત્રી અને યજ્ઞમય જીવન જીવવાનો સંદેશ મળતો રહયો. આની સાથે જ એક આનાથી લઈને છ આના સુધીની અનેક લોકપયોગી પુસ્તકો છાપતા ગયા. આ દરમિયાન હિમાલયના આમંત્રણ પણ આવ્યા, અનુષ્ઠાન પણ ચાલતા રહયા, જે પૂર્ણ વિધિ પૂજાની સાથે ઈ.સ. ૧૯૫૩ માંગાયત્રી તપોભૂમિની સ્થાપના, ૧૦૮ કુંડીય યજ્ઞ તથા તેઓ દ્વારા આપેલી

પ્રથમ દીક્ષાની સાથે સંપન્ન થયા. ગાયત્રી તપોભૂમિની સ્થાપના માટે ધનની આવશ્યકતા પડી તો પરમવંદનીયા માતાજીએ જેઓએ ડગલેને પગલે તેમના આરાધ્યનો સાથ નિભાવ્યો હતો, તેમણે પોતાના બધા ઘરેલા વેંચી દીધાં, પૂજ્યવરે જમીનદારીનાં બોન્ડ વેંચી દીધા અને જમીન લઈને સ્થાયી સ્થાપના કરી દીધી. ધીમે ધીમે ઉદારચેતાઓના માધ્યમથી ગાયત્રી તપોભૂમિ એક સાધના પીઠ બની ગઈ. ૨૪૦૦ તીર્થોના જળ તથા માટીની સ્થાપના ત્યાં કરાઈ, ૨૪૦૦ કરોડ ગાયત્રી મંત્ર લેખન ત્યાં સ્થાપિત થયા, હિમાલયના એક અતિ પવિત્ર સ્થાનથી 'અખંડ અગ્નિ' લાવીને સ્થાપિત કરાઈ, અત્યારે પણ જે યજ્ઞશાળામાં પ્રજવલિત છે. ઈ.સ. ૧૯૪૧ થી ૧૯૭૧ સુધીનો સમય પરપૂજ્ય ગુરુદેવના ગાયત્રી તપોભૂમિ, અખંડ જ્યોતિ સંસ્થાનમાં સક્રિય રહેવાનો સમય છે. ઈ.સ. ૧૯૫૬ માં નરમેધ યજ્ઞ, ૧૯૫૮ માં સહસ્ત્ર કુંડીય યજ્ઞ કરીને લાખો ગાયત્રી સાધકોને એકઠા કરી તેઓએ ગાયત્રી પરિવાનું બી વાવયું. કાર્તિક પૂર્ણિમા, ઈ.સ. ૧૯૫૮ માં આયોજિત આ કાર્યક્રમમાં દસ લાખ વ્યક્તિઓએ ભાગ લીધો, એમના જ માધ્યમથી આખા દેશમાં પ્રગતિશીલ ગાયત્રી પરિવારની દસ હજારથી વધુ શાખાઓ સ્થાપિત કરવામાં આવી. સંગઠનનો અધિકાધિ કાર્યભાર પૂજ્યવર પરમવંદનીયા માતાજીને સોંપીને ચાલતા થયા. ઈ.સ. ૧૯૫૯ માં પત્રિકાનું સંપાદન તેઓને સોંપીને પોણા બે વરસ માટે હિમાલય ચાલ્યા ગયા. જયાં તેઓને ગુરુસત્તા પાસેથી માર્ગદર્શન લેવાનું હતું,

૯ માં પત્રિકાનું સંપાદન તેઓને સોંપીને પોણા બે વરસ માટે હિમાલય ચાલ્યા ગયા. જયાં તેઓને ગુરુસત્તા પાસેથી માર્ગદર્શન લેવાનું હતું, તપોવન, નંદનવનમાં ઋષિઓનો સાક્ષાત્કાર કરવાનો હતો તથા ગંગોત્રીમાં રહીને આર્ષગ્રંથોની વ્યાખ્યા કરવાની હતી. ત્યાં સુધી તેઓ ગાયત્રી મહાવિદ્યા પર વિશ્વકોશ સ્તરની પોતાની રચના ગાયત્રી મહાવિજ્ઞાનના ત્રણ ખંડ લખી ચૂકયા હતા, જેના અત્યાર સુધી પ્રાયઃ પ્રચાસથી વધારે સંસ્કરણ છપાઈ ચૂકયા છે. હિમાલયથી પાછા આવતા જ તેઓએ મહત્વપૂર્ણ નિધિના રૂપમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, આરણ્યક, બ્રાહ્મણ, યોગવાશિષ્ઠ, મંત્ર મહાવિજ્ઞાન, તંત્ર મહાવિજ્ઞાન જેવા ગ્રંથોને પ્રકાશિત કરી દેવ સંસ્કૃતિની મૂળ થાપણને પુનર્જીવન આપ્યું. પરમવંદનીયા માતાજીએ પૂજ્યવરની ઈચ્છાનુસાર ઈ.સ. ૧૯૯૧-૯૨ માં તે જ વેદોને વિજ્ઞાનને અનુરૂપ આધાર આપી તેનું પુનર્મુદ્રણ કરાવ્યું અને તે આજે ઘર ઘરમાં સ્થાપિત છે.

યુગ નિર્માણ યોજના અને 'યુગ નિર્માણ સત્સંકલ્પ' રૂપે મિશનનો ઘોષણાપત્ર ઈ.સ. ૧૯૬૩ માં પ્રકાશિત થયો. તપોભૂમિ એક વિશ્વવિદ્યાલયનું રૂપ લેતી ગઈ તથા અખંડ જ્યોતિ સંસ્થાન એક તપ:પૂતનું નિવાસ સ્થાન બની ગયું. જયાં રહીને તેઓએ પોતાની શેષ તપ સાધના પૂરી કરી, જયાંથી ગાયત્રી પરિવારનું બીજ વાવ્યું હતું. તપોભૂમિમાં વિભિન્ન શિબિરોનું આયોજન થતું રહ્યું,

પૂજ્યવર સ્વયં નાના મોટા લોક સંમેલનો, યજ્ઞાયોજનોના દ્વારા વિચાર ક્રાતિની પૃષ્ઠભૂમિ બનાવતા રહ્યા, આખા દેશમાંઈ.સ.૧૯૭૦-૭૧ માં પાંચ ૧૦૦૮ કુંડી યજ્ઞ આયોજિત થયા. સ્થાયી રૂપથી વિદાઈ લેતા તેમણે એક વિરાટ સંમેલન (જુન-૧૯૭૧) માં પરિજનોને વિશેષ કાર્યભાર સોંપી, પરમવંદનીયા માતાજીને શાંતિકુંજ, હરિદ્વારમાં અખંડ દીપની સમક્ષ તપ કરવા ોડીને સ્વયં હિમાલય ચાલ્યા ગયાં. એક વરસ પછી તે ગુરુ સત્તાનો સંદેશ લઈને આવયા અને પોતાની આગામી વીસ વરસની ક્રિયાપદ્ધતિ દર્શાવી. ઋષિ પરંપરાનું બીજારોપણ, પ્રાણ પ્રત્યાવર્તન સંજીવની અને કલ્પ સાધના સત્રોનું માર્ગદર્શન જેવા કાર્યો એમણે શાંતિકુંજમાં સંપન્ન કર્યા.

સૌથી મહત્વની સ્થાપના પોતાની હિમાલયની એ યાત્રાથી પાછા આવ્યા પછી બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનની હતી, જયાં વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયાત્મક પ્રતિપાદનો પર શોધ કરી એક નવા ધર્મ-વૈજ્ઞાનિક ધર્મના મુળભૂત આધાર સ્થાપવાના હતા. આ સંબંધમાં પૂજ્યવરે વિરાટ પ્રમાણમાં સાહિત્ય લખ્યું, અદૃશ્ય જગતના સંશોધનથી માંડીને માનવની સુષુપ્ત ક્ષમતાના જાગરણ સુધી, સાધનાથી સિદ્ધિ અને દર્શન વિજ્ઞાનના તર્ક, તથ્ય, પ્રમાણના આધારે પ્રસ્તૃતીકરણ સુધી, આને માટે એક વિરાટ ગ્રંથાલય બનાવ્યું અને એક સુસજ્જિત પ્રયોગશાળા. વનોષધિ ઉદ્યાન પણ સ્થાપ્યા તથા જડી બુટ્ટી, યજ્ઞ વિજ્ઞાન તથા મંત્રશકિત વિશેના પ્રયોગ માટે સાધકો પર ખૂબ વધારે માત્રામાં

પરીક્ષણ કરવામાં આવ્યા. નિષ્કર્ષોએ પ્રમાણિત કર્યું કે ધ્યાન સાધના, મંત્ર ચિકિત્સા તથા યજ્ઞોપેથી એક વિજ્ઞાનસંમત વિદ્યા છે. ગાયત્રી નગર ક્રમશઃ એક તીર્થ સંજીવની વિદ્યાના પ્રશિક્ષણનું એકેડમીનું રૂપ ધારણ કરતું ગયું અને જયા ૯-૯ દિવસના સાધનાપ્રધાન, એક એક માસના કાર્યકર્તા નિર્માણ હેતુ યુગશિલ્પી સત્ર સંપન્ન થવા લાગ્યા.

કાર્યક્ષેત્રમાં વિસ્તાર થતો ગયો. સ્થાને સ્થાન શકિતપીઠોનું નિર્માણ થયું. જેના નિર્ધારિત ક્રિયાકલાપ હતા-સુસંસ્કારિતા, આસ્તિકતા સંવર્ધન અને જનજાગ્રતિના કેન્દ્ર બનવું. આવા કેન્દ્ર, જે ઈ.સ. ૧૯૮૦ માં બનવું આરંભ થયો હતો, પ્રજ્ઞા સંસ્થાન, શકિતપીઠ, પ્રજ્ઞા મંડળ, સ્વાધ્યાય મંડળના રૂપમાં સમસ્ત દેશ અને વિશ્વમાં ફેલાતા ગયા. ૭૬ દેશોમાં ગાયત્રી પરિવારની શાખાઓ ફેલાઈ ગઈ, એકલા ભારતમાં જ હજારથી અધિક પોતાના મકાન વાળી સંસ્થાન સ્થપાઈ, વાતાવરણ ગાયત્રીમય થતું ગયું.

પરમપૂજ્ય ગુરુદેવ સૂક્ષ્મીકરણમાં પ્રવેશ કરી ઈ.સ. ૧૯૮૫ માં જ પાંચ વરસની અંદર પોતાની બધી પ્રવૃત્તિઓને સંકેલી લેવાની ઘોષણા કરી દીધી. આ દરયમાન કઠોર તપ સાધના માટે હળવા મળવાનું ઓછું કરી દીધું તથા ક્રમશઃ ક્રિયાકલાપ પરમવંદનીયા માતાજીને સોંપી દીધાં.

રાષ્ટ્રીય એકતા સંમેલનો, વિરાટ દીપયજ્ઞોના રૂપમાં નવી વિદ્યા જનતાને સમર્પિત કરી રાષ્ટ્ર દેવતાની કુંડલિની જાગૃત કરવા તેઓએ પોતાના સ્થૂળશરીરને છોડીને, સૂક્ષ્મમાં સમાવાની, વિરાટથી વિરાટતમ થવાની ઘોષણા કરી ગાયત્રી જયંતિ ૨ જુન, ઈ.સ. ૧૯૯૦ ના રોજ મહાપ્રયાસ કર્યું. રાષ્ટ્રે કૃતજ્ઞતા વ્યકત કરતા તેમના સન્માનમાં એક રૂપિયાની ડાક (પોસ્ટ) ટિકીટ બહાર પાડેલ, જેનું વિમોચન તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ ડો. શંકરદયાલ શર્માજીએ કર્યું. પોતાની બધી શકિત પરમવંદનીયા માતાજીને આપી ગયા તથા પોતાની તથા માતાજીની વિદાય પછી સંઘશકિતની પ્રતીક લાલ મશાલને જ ઈષ્ટ આરાધ્ય માનવાનો આદેશ આપી બ્રહ્મબીજથી વિકસિત બ્રહ્મકમળની સુવાસને દેવ સંસ્કૃતિ દિગ્વિજય અભિયાન રૂપે શરૂ કરવાનો માતાજીને નિર્દેશ આપી ગયા.

એક વિરાટ શ્રધ્ધાંજલિ સમારોહ તથા શપથ સમારોહ, જે હરિદ્વારમાં સંપન્ન થયો, તેમાં લાખો માણસોને પોતાનો સમય સમાજના નવનિર્માણ માટે, મનુષ્યમાં દેવત્વના ઉદય માટે તથા ધરતી પર સ્વર્ગ લાવવાનો ગુરુસત્તાને સૂત્ર સાકાર કરવા માટે આપવાની ઘોષણા કરી. પરમવંદનીયા માતાજી દ્વારા ભારતીય સંસ્કૃતિને વિશ્વવ્યાપી બનાવવા, ગાયત્રીરૂપી સંજીવની ઘેર ઘેર પહોંચાડવા માટે પૂજ્યવરે આરંભ કરેલ યુગસંધિ મહાપુરશ્ચરણની પ્રથમ અને દ્વિતીય પૂર્ણાહૂતિ સુધી વિરાટ અશ્વમેધ મહાયજ્ઞોની ઘોષણા કરાઈ.

વાતાવરણની પરિશુદ્ધિ, સૂક્ષ્મજગતના નવનિર્માણ અને સાંસ્કૃતિક તથા વૈચારિક ક્રાંતિ માટે સૌર ઉર્જાના દોહનથી વિશિષ્ટ પ્રયોગોના માધ્યમથી, વિશિષ્ટ મંત્રાહુતિઓ દ્વારા સંપન્ન કરાયેલ આ અશ્વમેધોએ સમસ્ત પૃથ્વીને ગાયત્રી, યજ્ઞમય, વાસંતી ઉલ્લાસથી ભરી દીધી. સ્વયં પરમવંદનીયા માતાજીએ પોતાની પુર્વ ઘોષણાનુસાર ચાર વરસ સુધી પરિજનોનું માર્ગદર્શન કરતા સ્થૂળ શરીરથી સોળ યજ્ઞોનું સંચાલન કર્યુ અને પછી ભાદ્રપદ પૂર્ણિમા ૧૯ સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૯૪ ના રોજ મહાલય શ્રાધ્ધારંભની પૂણ્યવેળાએ પોતાના આરાધ્યની સાથે એકાકાર થઈ ગયા. તેઓના મહાપ્રયાણ પછી બંનેય સત્તાઓના સૂક્ષ્મમાં એકાકાર થયા પછી મિશનની ગતિવિધિઓ ખૂબ ખૂબ વધતી ચાલી તથા જયપુરના પ્રથમ અશ્વમેઘ યજ્ઞ (નવેમ્બર-૧૯૯૨) થી છવ્વીસમાં અશ્વમેઘ યજ્ઞ શિકાગો (યુ.એસ.એ. જુલાઈ-ઈ.સ.૧૯૯૫) સુધી પ્રજ્ઞાવતારનંલ પ્રત્યક્ષ રૂપ સૌને દેખાવા લાગ્યું.

ગુરુસત્તાના આદેશ મુજબ દેવસંસ્કૃતિને વિશ્વ વ્યાપી બનાવવા માટે સતયુગના આગમન સુધી ૧૦૮ મહાયજ્ઞ સંપન્ન થવાના છે. યુગસંધિ મહાપુરશ્ચરણની અંતિમ પૂર્ણાહુતિ તેના પછી નિશ્ચિત થઈ. પ્રથમ પૂર્ણાહૂતિ નવેમ્બર, ઈ.સ.૧૯૯૫ માં કાર્તિક પૂર્ણિમાના અવસરે યુગપુરુષ પૂજ્યવરની જન્મભૂમિ આંવલખેડામાં સંપન્ન થઈ. તેઓ દ્વારા લખાયેલ સમગ્ર સાહિત્યનો વાડમયનો જે ૧૦૮ ખંડોમાં ફેલાયેલ છે, તેમાથી ૭૦ ખંડોનો વિમોચન પણ અહીં સંપન્ન થયું.

આ અવસરે ભારતના પ્રધામંત્રીએ પૂજ્યવરના કિર્તિસ્તંભનું લોકાર્પણ કર્યું. વિનમ્રતા અને બ્રાહ્મણત્વની કસોટીએ સફળ નીવડનાર વરિષ્ટ પ્રજ્ઞાપુત્ર જ તેઓના વારસદાર કહેવાશે, આ ગુરુસત્તાની ઘોષણા હતી અને આ ક્ષેત્રમાં એકએકથી ચડીયાતા આદર્શવાદી પ્રતિસ્પર્ધા કરનાર અનેકાનેક પરિજનો તેઓના સ્વપ્નોને સાકાર કરવા આગળ આવી રહ્યાં છે. 'હમ બદલેંગે- યુગ બદલેગા' (આપણે બદલાઈએ યુગ બદલશે) ઉદઘોષ દિગ્-દિગંત સુધી ફેલાઈ રહ્યો છે અને એકવીસમી સદીમાં ઉજ્જવળ ભવિષ્ય, સતયુગના પુનરાગમનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે, એ સ્પષ્ટ દેખાય છે.